જનસંપર્ક અધીકારી દ્વારા

પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર

ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩

કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા. ૭/૫/૨૦૧૫ ગુરૂવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

<u>નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયા :-</u> <u>સમાચાર યાદી નં.૯૨૦/૧૫</u>

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૩૨ કેસ કરી ૨૮ વ્યક્તિઓને ઝડપી, ૨૧૧ લીટર દેશી દારૂ, ૩૩ બોટલ ઇગ્લીશ દારૂ, ૧૧ ક્વૉટર ઇગ્લીશ દારૂ, ૧૬ બિયર ટીન અને ૦૧ મોટર સાયકલ કબજે કરી હતી. તેમજ જુગારધારા હેઠળ ૦૨ કેસ કરી ૦૬ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૬,૯૪૦/- અને જુગારનાં સાધનો કબજે કર્યા હતા.

<u>તકેદારીના પગલાં હેઠળ ઝડપાયાઃ-</u> <u>સમાચાર યાદી નં.૯૨૧/૧૫</u>

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલાં હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૧૩૯ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી. ૯૩ મુજબ ૦૫ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૦૨ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

<u>અપહરણઃ-</u> <u>સમાચાર યાદી નં.૯૨૨/૧૫</u>

સાબરમતી : પકુબહેન વિષ્ણુભાઇ ભીલ (રહે,તપોવનની ચાલી, ભીલવાસ, મોટેરા રોડ, સાબરમતી) એ સાબરમતી પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૫/૫/૧૫ સાંજનાં ૬/૦૦ વાગ્યાના સુમારે ઘર નજીકથી પોતાના પુત્રી દાડમ (ઉ.વ. ૭) ને કોઇ અજાણી વ્યક્તિ અપહરણ કરી લઇ ગઇ છે. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી એલ.એસ.ચૌધરી ચલાવે છે.

<u>નજર ચુકવી ચોરી :-</u> <u>સમાચાર યાદી નં.૯૨૩/૧૫</u>

દરીયાપુર : ગૌરાંગભાઇ વિનોદરાય ભાવસાર (રહે.સૌમ્યવીલા સોસાયટી, શક્તિધારા સોસાયટી પાસે, પાટણ રોડ, મહેસાણા) એ દરીયાપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૬/૫/૧૫ સવારનાં ૧૦/૪૫ થી ૧૧/૧૫ વાગ્યા દરમ્યાન સુભાષબ્રીજ થી દિલ્લી દરવાજા સુધીની ઓટોરીક્ષાની મુસાફરી દરમ્યાન, ઓટોરીક્ષામાં પોતાની સાથે બેસેલ ત્રણ અજાણ્યા પુરૂષ (૨૫ થી ૩૫ વર્ષના આશરાનાં) તથા રીક્ષા ડ્રાઇવરે ભેગા મળી ગૌરાંગભાઇને વાતોમાં રાખી, તેમની નજર ચુકવી, ગૌરાંગભાઇ પાસેની રોકડ રૂપિયા ૧,૨૨,૦૦૦/- ભરેલ બેગની ચોરી કરી લઇ ગયા હતા. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી પી.આર.જાડેજા ચલાવે છે.

(ઇ.ચા.)નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)